# સંપાદકીય

કેમ છો? બાળકો, યુવાનો...

મજામાં ને?

આપણી માનસિક શક્તિના વિકાસ માટે વાંચન ખૂબ જરૂરી છે. પુસ્તકના વાંચનથી આપણામાં મૌલિકતા અને સર્જનાત્મકતાનો વિકાસ થાય છે.

પુસ્તકો આપણા સાચા મિત્રો છે. સારા પુસ્તકો જેવો બીજો કોઈ કાયમી મિત્ર નથી. આપણને વિચારવા કરવા પ્રેરે એ જ સાચું પુસ્તક.

આ પુસ્તકમાં તમારા બૌદ્ધિક અને માનસિક વિકાસ માટે કુલ ૧૦ વિભાગ રાખવામાં આવ્યા છે. આ વિભાગમાં જ્ઞાન પણ છે અને ગમ્મત પણ છે.

આ વિભાગના નામ : પ્રેરણાનું પુષ્પ, અહો! આશ્ચર્યમ્, કોયડાનો કલશોર, સુભાષિતની સૌરભ, હાસ્યની હાહાહીહી, આરોગ્યનો ઉજાસ, ઉખાણાંની એક્સરસાઇઝ, શબ્દની સુવાસ, સંકલ્પની સીડી અને પ્રોજેક્ટનું પ્રેઝન્ટેશન.

છે ને મજાનાં નામો! એવું જ મજાનું દરેક વિભાગનું કન્ટેન્ટ પણ છે.

આ પુસ્તકમાં તમારું જીવન ઉન્નત કરનારા સુવિચારો છે, તમારી સમજશક્તિ અને બુદ્ધિશક્તિનો વિકાસ કરનારા ઉખાણાં અને કોયડા છે. તમને હાસ્યની સફર કરાવનારા રમૂજી ટુચકાઓ છે. તમને પ્રેરણા આપનારા સુભાષિત છે. તમારા સ્વાસ્થ્યની સંભાળ રાખનારા ડૉક્ટર છે. તમને નવાઈ લાગે તેવી વાતોનો ખજાનો છે, શબ્દની વિવિધ રમતો અને ગમ્મતો છે. જીવનને સફળ બનાવનારા સંકલ્પોની હારમાળા છે અને જુદી જુદી પ્રવૃત્તિ અને પ્રોજેક્ટનો રસથાળ છે. આ પુસ્તકમાં વૈવિધ્યસભર વાંચન છે. તેથી તમને કંટાળો નહીં આવે. પાને પાને નવું નવું જાણવા અને શીખવા મળશે. ગાંધીજીએ કહ્યું છેઃ પુસ્તકો મન માટે સાબુનું કાર્ય કરે છે. આ પુસ્તક એ ભૂમિકામાં ખરું ઉતરશે તેનો મને વિશ્વાસ છે.

આ પુસ્તકનું મેટર અલગ અલગ પુસ્તકો અને સામયિકોમાંથી લીધું છે તે તમામ નામી-અનામી લેખકો અને સંપાદકશ્રીઓનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું.

અભિપ્રાયોનું હાર્દિક સ્વાગત છે.

**– હસમુખ ટાંક**

મુ. જરગલી, તા. ગીરગઢડા જિ. ગીરસોમનાથ

મે. ૯૫૫૮૭૪૦૩૬૮, ૮૫૧૧૧૧૯૬૫૭


## પ્રેરણાનું પુષ્પ

- સદાય હસમુખા રહો,
  સ્મિત વેરતા રહો.
- ભૂલ થાય તો ફરીથી તેને
  સુધારવાનો પ્રયત્ન કરો.
- દરેક કામ ઉત્સાહ અને
  ધગશથી કરો.
- અન્ય કોઈએ કરેલા કાર્યની
  પ્રશંસા કરો.

## અહો! આશ્ચર્યમ્!

ભારતનાં ૩૬૨૬ ગામોનાં
નામમાં 'રામ' શબ્દ આવે છે.
જેમ કે રામપુર, રામનગર,
રામપરા વગેરે.

## કોયડાનો કલશોર




## સુભાષિતની સૌરભ

રાત્રે વહેલા જે સુવે,
વહેલા ઊઠે વીર,
બળ, બુદ્ધિ ને ધન વધે,
સુખમાં રહે શરીર.

## હાસ્યની હાહાહીહી

ડિમ્પલ : મારો ભાઈ દિવસમાં ૧૦ વખત કપડાં બદલે છે.

લાલ : શું એ ફિલ્મોમાં કામ કરે છે?

ડિમ્પલ : ના, એ તો ૭ મહિનાનો જ છે.

## આરોગ્યનો ઉજાસ

આંખોમાં બળતરા
અને લાલાશ માટે
શુદ્ધ ગુલાબજળ આંજવું.

## ઉખાણાંની એક્સરસાઇઝ

એક એવી ચીજનું નામ
બતાવો કે જેમાં ફળ,
ફૂલ અને મીઠાઈ ત્રણેય
આવી જાય.

## શબ્દની સુવાસ

આગળ-પાછળ બંને તરફથી વાંચો

- દિશાની દીદીની શાદી.
- જીવા બાપા બાવાજી.
- લીમડી ગામે ગાડી મલી.
- જો બુધા ધાબુ જો.

## સંકલ્પની સીડી

હું આજથી દૃઢ સંકલ્પ કરું છું કે
હું માત-પિતાની દરેક આજ્ઞાનું
આદરપૂર્વક અને
રાજીખુશીથી પાલન કરીશ.

## પ્રોજેક્ટનું પ્રેઝન્ટેશન

કુટુંબના દરેક સભ્યના
નામ લખી તેના પાંચ-
પાંચ ગુણો લખો.
દા.ત. રમૂજવૃત્તિ, ધગશ,
શાંત વગેરે...

## પ્રેરણાનું પુષ્પ

બોલવા કરતાં વધુ
સાંભળવાનું પસંદ કરો.
સૌમાં ગુણ જુઓ.
સમૂહમાં રહો.
સમૂહમાં ભળો.
સૌનો વિશ્વાસ જીતો.
સદા હકારાત્મક વિચારો કેળવો.

## અહો! આશ્ચર્યમ્!

- માનવહૃદય વર્ષ દરમિયાન ૩,૫૦,૦૦,૦૦૦ (ત્રણ કરોડ પચાસ લાખ) વખત ધબકે છે.
- મહાભારતમાં ૧,૦૦,૦૦ શ્લોકો છે.

## કોયડાનો કલશોર

તમારા કાકાની પત્નીના પુત્રની પત્નીના
સસરાનો પુત્ર તમને શું થાય?

## સુભાષિતની સૌરભ

વેર, વ્યસન, વૈભવ ને વ્યાજ
વહાલાં થઈને
કરશે તારાજ.

## હાસ્યની હાહાહીહી

ગોલુ : કેરીના ઝાડ પર વાંદરો કેળું ખાતો હતો.

ભોલુ : હોય નહીં! કેવી રીતે?

ગોલુ : તે સાથે લઈ ગયો હતો.

## આરોગ્યનો ઉજાસ

રોજનું ૮થી ૧૦ ગ્લાસ
પાણી પીવું જોઈએ.
અપૂરતું પાણી સાંધાની તકલીફો,
કિડનીના રોગો,
ડિહાઇડ્રેશન લાવી શકે છે.

## ઉખાણાંની એક્સરસાઇઝ

એક સવારી સેવક ચાર,
પાછળ તેની સેના અપાર;
સવારી કદી પાછી ન આવે,
ચતુર હોય તે નામ બતાવે.

## શબ્દની સુવાસ

શહેરના નામ શોધી કાઢો

- ભાગરનવ
- રેનરસુન્દ્રગ
- મદાદવાઅ
- રેમલીઅ
- મલપંહાચ
- ગજૂઢના

## સંકલ્પની સીડી

હું દૃઢ સંકલ્પ કરું છું કે
હું કચરો હંમેશાં
કચરાપેટીમાં જ નાખીશ.
જ્યાં ત્યાં કચરો
ક્યારેય ફેંકીશ નહીં.

## પ્રોજેક્ટનું પ્રેઝન્ટેશન

જુદાં જુદાં વૃક્ષનાં પાન
એકઠાં કરી એક કાગળ કે
પૂંઠામાં ચોંટાડો અને તેની
નીચે વૃક્ષનું નામ લખો.

## પ્રેરણાનું પુષ્પ

- માતા-પિતા અને વડીલોનો આદર કરીએ.
- સારા મિત્રોનો સંગ રાખીએ.
- નિયમિત અને સારામાં સારો અભ્યાસ કરીએ.

## અહો! આશ્ચર્યમ્!

- ગોકળગાય તેના પગ વડે શ્વાસ લે છે.
- લક્કડખોદ લાકડા પર એક જ સેકન્ડમાં ૨૦ વાર ચાંચ મારી શકે છે!

## કોયડાનો કલશોર

| | | | | |
|---|---|---|---|---|
| ૫ → | ૮ → | ૧૪ → | ૨૩ — | ? |

## સુભાષિતની સૌરભ

ઊગે કમળ પંકમાં,
તદપિ દેવ શિરે ચડે;
નહીં કુળથી કિંતુ
મૂલ મુલવાય ગુણો વડે.

## હાસ્યની હાહાહીહી

ડ્રાઇવર : પેટ્રોલ ખતમ.
ગાડી હવે એક ફૂટ
પણ આગળ જઈ
શકશે નહીં.

શેઠ : આગળ ન ચાલે,
તો પાછળ લે.

## આરોગ્યનો ઉજાસ

કાનમાંથી જીવજંતુ દૂર
કરવા માટે કાનમાં મધ
અને તેલ ભેગા કરી તેના
ટીપાં નાખવાં.

## ઉખાણાંની એક્સરસાઇઝ

એક અચરજ મેં જોયું એવું,
કૂવામાં લાગી આગ;
પાણી પાણી બળી ગયું,
માછલીઓ ખેલે ફાગ.

## શબ્દની સુવાસ

### રમૂજી શબ્દકોશ

- ગાજર - મૂળાનો માનીતો ભાઈબંધ
- મેના - પોપટની મહારાણી
- બળદ - ગાડું ઢસડતો ગરીબ મજૂર
- થર્મોમીટર - જેને હંમેશાં ચડતી-પડતી આવ્યા કરે તેવું સાધન

## સંકલ્પની સીડી

હું આજથી દૃઢ સંકલ્પ લઉં છું કે
હું હંમેશાં સાચું બોલીશ.
સત્યની પડખે ઊભો રહીશ.
સાચાને સાથ આપીશ.

## પ્રોજેક્ટનું પ્રેઝન્ટેશન

કાતર વડે છાપાંમાંથી
વિવિધ આકારોનું કટિંગ કરી
રંગીન કાગળ પર લગાડો.
આ આકારોના નામ દર્શાવો.
દા.ત. ચોરસ, ત્રિકોણ,
લંબગોળ વગેરે.

## ✿ પ્રેરણાનું પુષ્પ ✿

વિખ્યાત બૉક્સિંગ પ્લેયર
મહંમદ અલીનું એક વાક્ય છેઃ
શ્રેષ્ઠ માણસોની
સફળતાનું કારણ છે –
તેમનાં સપનાં અને તેને
સાકાર કરવાની તીવ્ર તમન્ના.

## અહો! આશ્ચર્યમ્!

- બિલાડીનું મૂત્ર અંધારામાં ચમકે છે.
- હંસના શરીર પર ૨૫,૦૦૦ કરતાં પણ વધારે પીંછાં હોય છે.

## કોયડાનો કલશોર

તમારા મામાની બહેનના મામાની
ભાણી તમારી શું થાય?

## ✿ સુભાષિતની સૌરભ ✿

નમતાથી સૌ કોઈ રીઝે,
નમતાને બહુ માન;
સાગરને નદીઓ ભજે,
છોડી ઊંચાં સ્થાન.

## હાસ્યની હાહાહીહી

કવિતા : તું અરીસા સામે આંખો બંધ કરીને શા માટે ઊભી છે?

સવિતા : એ તો હું એ જોવા માગતી હતી કે મારી આંખો બંધ હોય ત્યારે હું કેવી લાગું છું!

## આરોગ્યનો ઉજાસ

મધમાખી કરડી હોય ત્યાં
કાળી માટી ભીની કરી
લેપ લગાવવાથી
સોજો ચડતો નથી.

## ઉખાણાંની એક્સરસાઇઝ

એવી કઈ વસ્તુ છે
જે દોડી શકે છે
પણ ચાલી શકતી નથી?

## શબ્દની સુવાસ

નીચેના શબ્દોમાં 'ષ્ઠ'ની નહીં પણ 'ષ્ટ' આવે.

- શિષ્ટ
- પ્રશિષ્ટ
- સમાવિષ્ટ
- વિશિષ્ટ
- ઉત્કૃષ્ટ
- અંત્યેષ્ટિ
- ઇષ્ટ

## સંકલ્પની સીડી

હું આજથી દૃઢ સંકલ્પ લઉં છું કે
હું દરરોજ સારાં પુસ્તકનું
એક પાનું વાંચીશ.

## પ્રોજેક્ટનું પ્રેઝન્ટેશન

કાર્ડશીટ પર
પક્ષીઓનાં ચિત્રો ચોંટાડી
તેના વિશે બે-ત્રણ વાક્યો
સુવાચ્ય અક્ષરે લખો.

## પ્રેરણાનું પુષ્પ

- ક્યારેક કોઈ અયોગ્ય આચરણ થઈ જાય તોય આપઘાત ના કરવો.
- પોતાની આવક પ્રમાણે ખર્ચ કરવો.
- કોઈની પણ ખાનગી વાત કોઈ ઠેકાણે જાહેર ન કરવી.

*– શિક્ષાપત્રી*

## અહો! આશ્ચર્યમ્!

ડ્રેગનફ્લાય એક જ સમયે ચારે દિશામાં જોઈ શકે છે.

## કોયડાનો કલશોર

૮ ને ૮ વાર એવી રીતે લખી બતાવો કે જવાબ ૧૦૦૦ આવે.

## સુભાષિતની સૌરભ

મારાથી થાય શું<br>
એ કદી ના વિચારું;<br>
શક્તિ મારી બધીએ<br>
કામે લગાડું!<br>
સંતાન આખર તો સૂર્યતણું છું!

## હાસ્યની હાહાહીહી

ચિન્ટુ : પિન્ટુ, તું આંખો બંધ કરીને શા માટે ચા પીએ છે?

પિન્ટુ : મારા પપ્પાએ ગઈકાલે કડક શબ્દોમાં કહી દીધું છે કે... ખબરદાર છે જો આજ પછી ચા સામે જોયું છે તો...!

## આરોગ્યનો ઉજાસ

ચોમાસામાં પાચનશક્તિ
મંદ પડે છે એટલે પેટ સાવ ભરીને
ન જમવું.
જમ્યા પછી ગેસ જેવું લાગે તો થોડો
અજમો ફાકવો.

## ઉખાણાંની એક્સરસાઇઝ

લીલી પેટી, લાલ ખાનાં,
એમાં બેઠા શિવારાણા.

## શબ્દની સુવાસ

- ક્ + ષ = ક્ષ
- ત્ + ર = ત્ર
- દ્ + ધ = દ્ધ
- જ + ઞ = જ્ઞ
- દ્ + ઋ = દૃ
- દ્ + મ = દ્મ
- ત્ + ત = ત્ત
- દ્ + વ = દ્વ

## સંકલ્પની સીડી

હું આજથી દૃઢ સંકલ્પ લઉં છું કે
હું બજારુ ખાણીપીણીનો
ત્યાગ કરીશ.
ઘરે બનાવેલું સાદું અને સાત્વિક
ભોજન જ લઈશ.

## પ્રોજેક્ટનું પ્રેઝન્ટેશન

તમારા ગામ/શહેરમાં રહેલા
વિવિધ કારીગરો વિશે
માહિતી મેળવો.
તેમના વિશે
પાંચ-પાંચ વાક્યો લખો.

## પ્રેરણાનું પુષ્પ

- કોઈ પ્રત્યે ક્રૂર ના બનવું. કોઈની થાપણ ના રાખવી.
- ગાળ્યા વિનાનું જલ કે દૂધ ના પીવું.
- ગરીબ મનુષ્યો પ્રત્યે પોતાની શક્તિ મુજબ દયાવાન બનવું.

– *શિક્ષાપત્રી*

## અહો! આશ્ચર્યમ્!

આપણી પૃથ્વી ૫,૯૪૦,૦૦૦,
૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦
મેટ્રિક ટન જેટલું વજન ધરાવે છે.
આશ્ચર્યની વાત એ છે કે,
આટલું વજન હોવા છતાં
પૃથ્વી ક્યારેય નમી નથી જતી!

## કોયડાનો કલશોર

હરેશની મમ્મી એ હેતના મમ્મીની મમ્મી છે.
તો હરેશના પપ્પાને હેતના પપ્પા સાથે શો સંબંધ?

## સુભાષિતની સૌરભ

ઉપરવાળી બેંક બેઠી છે,
આપણી માલંમાલ,
આજનું ખાણું આજ આપે
ને કાલની વાતો કાલ!

– મકરંદ દવે

## હાસ્યની હાહાહીહી

ડૉક્ટર : તમે ચિંતા છોડો. તમને શેની ચિંતા સતાવે છે?

દરદી : સાહેબ, આપના બિલની!

## આરોગ્યનો ઉજાસ

મૂઢમારમાં મીઠું અને હળદર
ગરમ કરી જ્યાં વાગ્યું હોય
ત્યાં લગાવવું.

## ઉખાણાંની એક્સરસાઇઝ

કઠણ કઠણ પથ્થર જેવો,
ગોળ પીઠવાળો;
શરીર આખું અંદર રાખી,
પાણીમાં ફરનારો.

## શબ્દની સુવાસ

- દ્ + ય = દ્ય
- શ્ + ર = શ્ર
- શ્ + ઋ = શૃ
- શ્ + ચ = શ્ચ
- દ્ + વ = દ્વ
- શ્ + વ = શ્વ
- દ્ + ર = દ્ર
- શ્ + લ = શ્લ

## સંકલ્પની સીડી

હું આજથી દઢ સંકલ્પ લઉં છું કે
હું હંમેશાં સદાચારી મિત્રોનો જ
સંગ કરીશ.
કુસંગી મિત્રોનો ત્યાગ કરીશ.

## પ્રોજેક્ટનું પ્રેઝન્ટેશન

મકાન બનાવવામાં
કઈ કઈ વસ્તુઓ જોઈએ
અને તે ક્યાંથી મળે એ વિશે
માહિતી તૈયાર કરો.


## પ્રેરણાનું પુષ્પ

તમાકુ અને સિગારેટના વ્યસનનો ભોગ બનનાર શરીરને કેન્સર, હૃદયરોગ, ગેંગરીન જેવા અસંખ્ય રોગોને આમંત્રણ આપે છે અને પૈસા, સમય, કુટુંબ, મિત્રો સૌ કોઈને ખોઈ બેસીને આયુષ ટૂંકાવીને મૃત્યુને ભેટે છે! માટે, વિનાશકારી તમાકુના વ્યસનથી દૂર રહીએ તેમાં જ સૌનું ભલું છે.

## અહો! આશ્ચર્યમ્!

‘હોલી’ નામનું પક્ષી પોતાના બચ્ચાંને ગળામાંથી દૂધ પીવડાવે છે!

## કોયડાનો કલશોર



દીવાસળી ઉપરાઉપરી ગોઠવ્યા વગર બે દીવાસળી લઈ બીજી જગ્યાએ એવી રીતે મૂકો કે જેથી સમય ૪:૩૦ થાય છે.

## સુભાષિતની સૌરભ

સોબત કરતા શ્વાસની
બે બાજુનું દુ:ખ;
ખીજ્યું કરડે પિંડીએ,
રીઝ્યું ચાટે મુખ.

## હાસ્યની હાહાહીહી

ડૉક્ટર : ભાઈ, તમે મને રૂ. ૧૫,૦૦૦નો આપેલો ચેક બેંકમાંથી રિટર્ન થયો છે.

દર્દી : સાહેબ તમે મટાડેલો માથાનો દુખાવો પણ રિટર્ન થયો છે!

## આરોગ્યનો ઉજાસ

- ખંજવાળ આવતી હોય તો તુલસીનાં પાનનો રસ ઘસવાથી મટે છે.
- સૂંઠ-ખડીસાકર-આમળાનું ચૂર્ણ લેવાથી એસીડીટી મટે છે.

## ઉખાણાંની એક્સરસાઇઝ

ગમે હરકોઈને
જો મળે ભોજનમાં,
ન ગમે કોઈને
જો મળે પરીક્ષામાં!

## શબ્દની સુવાસ

- પ્રતિ....ળ
- ભ....રથ
- નિમ....ક
- નૈ....ત્ય
- ....ખિતંગ
- રે....યાળ
- નુક....ન
- ....ભાવિક

## સંકલ્પની સીડી

હું આજથી દૃઢ સંકલ્પ લઉં છું કે હું નિયમિત અને સારો અભ્યાસ કરી માત-પિતા અને દેશનું નામ રોશન કરી.

## પ્રોજેક્ટનું પ્રેઝન્ટેશન

તમારાં ઘરનાં રસોડામાં રહેલા મરી-મસાલાનાં નામ લખો. આ મસાલા કયા કયા રોગમાં રાહત આપે એ વિશે તમારા મમ્મી-પપ્પા અને શિક્ષકો પાસેથી માહિતી તૈયાર કરી પ્રોજેક્ટ બનાવો.